RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 319* Date: 16.09.2021 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## ઓવૈસી પર કોઈ કેસ કેમ નથી થતો ? : રાકેશ ટિકૈતે

નવી દિલ્હી , તા.૧૫

જો અસદુદ્દીન ઓવૈસી ભાજપને ગાળો આપે છે તો તેમના વિરૂદ્ધ કોઈ જ કેસ નથી નોંધાતો. કારણ કે, તે બંને એક જ ટીમ છે. ઉલ્લેખનીય છે કે, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે તાજેતરમાં કુશીનગર ખાતે એક રેલી દરમિયાન સમાજવાદી પાર્ટી પર નિશાન સાધ્યું હતું. આ દરમિયાન તેમણે કહ્યું હતું કે, અબ્બાજાન કહેવાતા ગરીબોનું બધું રાશન હડપી લેતા હતા. યોગી આદિત્યનાથ અગાઉ પણ સપા પ્રમુખ અખિલેશ યાદવ પર આ અંગે પ્રહાર કરી ચુક્યા છે. ઉત્તર પ્રદેશમાં આગામી વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણી પહેલા નિવેદનોનો મારો ચાલ્યો છે. હાલ પ્રાંતમાં 'અબ્બાજાન' મુદ્દે રાજકીય જંગ ચાલી રહ્યો હતો ત્યારે હવે 'ચાચાજાન'ની પણ એન્ટ્રી થઈ છે.

ભારતીય કિસાન યુનિયનના રાકેશ ટિકૈતે હાપુડ ખાતે એક રેલી દરમિયાન AIMIM પ્રમુખ અસદુદ્દીન ઓવૈસીને ભારતીય જનતા પાર્ટીના 'ચાચાજાન' ગણાવ્યા હતા. એક સભાને સંબોધિત કરતી વખતે રાકેશ ટિકૈતે ભારતીય જનતા પાર્ટી પર નિશાન સાધ્યું હતું. રાકેશ ટિકૈતે કહ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીના ચાચાજાન અસદુદ્દીન ઓવૈસી હવે ઉત્તર પ્રદેશમાં આગી ગયા છે.

## યુપીમાં ગેંગસ્ટર્સ યોગીની સરકાર આવતા જેલના હવાલે છે : મોદી

લખનઉ , તા.૧૫

અગાઉ ગરીબો અને વંચિતો સુધી યોજનાનો લાભ પહોંચતો અટકાવવા માટે અનેક અડચણો ઉભી કરવામાં આવી હતી. જોકે હવે પરિસ્થિતિ બદલાઇ ગઇ છે અને લાભાર્થીઓ સુધી આવી યોજનાઓનો લાભ પહોંચી રહ્યો છે. અલીગઢમાં રાજા મહેન્દ્ર પ્રતાપસિંહ સ્ટેટ યુનિવર્સિટીના શિલાન્યાસ સમયે યોજાયેલા એક કાર્યક્રમમાં મોદીએ આ નિવેદન આપ્યું હતું. રાજા મહેન્દ્ર પ્રતાપસિંહના માનમાં ઉત્તર પ્રદેશની યોગી આદિત્યનાથની સરકાર દ્વારા આ યુનિવર્સિટીનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. મહેન્દ્ર પ્રતાપસિંહ એક સમાજ સુધારક અને અંગ્રેજો સામે લડનારા રાજા હતા. યુનિ. દ્વારા ૩૯૫ જેટલી નવી કોલેજો ખોલવામાં આવશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચૂંટણી રાજ્ય ઉત્તર પ્રદેશને લઈને દાવો કર્યો હતો કે ૨૦૧૭ની ચૂંટણી પહેલા ગેંગસ્ટર્સ દ્વારા ઉત્તર પ્રદેશને ચલાવવામાં આવતું હતું. હવે આ ગેંગસ્ટર્સ જેલોમાં કેદ છે અને યોગી આદિત્યનાથની સરકારે સમગ્ર સ્થિતિમાં સુધારા કર્યા છે.

## સિંધુ બોર્ડર પર એક તરફનો રસ્તો ખેડૂતો ખાલી કરે : સુપ્રિમ કોર્ટ



નવી દિલ્હી , તા.૧૫

સુપ્રીમ કોર્ટના આદેશ બાદ સોનીપત ડેપ્યુટી કમિશનર લલિત સિવાચ મંગળવારે કુંડલી-સિંધુ બોર્ડર પર ખેડૂત પ્રદર્શનકારીઓની વચ્ચે પહોંચ્યા હતા. તેમણે સુપ્રીમ કોર્ટનો આદેશ અને સામાન્ય લોકોને અનુભવાઈ રહેલી મુશ્કેલીનો હવાલો આપીને ખેડૂતોને રસ્તો ખાલી કરવા માટે વિનંતી કરી હતી. મોનિકા અગ્રવાલે કુંડલી-સિંધુ બોર્ડર પર એક તરફનો રસ્તો ખાલી કરાવવા માટે જનહિત અરજી દાખલ કરાવી હતી. ડેપ્યુટી કમિશનરના કહેવા પ્રમાણે આ અરજી પર સુનાવણી દરમિયાન કોર્ટે એનએચ ૪૪ પર કુંડલી-સિંધુ બોર્ડર પર એક તરફનો રસ્તો સામાન્ય લોકો માટે ખાલી કરવા આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે મંગળવારે કુંડલી-સિંધુ બોર્ડર પર ધરણાં ધરી રહેલા ખેડૂતોને એક બાજુનો રસ્તો ખાલી કરવા માટે કહ્યું હતું. સુપ્રીમ કોર્ટે જનહિત અરજી પરની સુનાવણી દરમિયાન આ ચુકાદો આપ્યો હતો. કોર્ટે સોનીપત જિલ્લા પ્રશાસનને આદેશ આપ્યો હતો કે, નેશનલ હાઈવે ૪૪ પર કુંડલી-સિંધુ બોર્ડર ખાતે પ્રદર્શન કરી રહેલા ખેડૂતો પાસેથી એક બાજુનો રસ્તો સામાન્ય લોકોને અપાવવામાં આવે. મોનિકાએ અરજીમાં જણાવ્યું હતું કે, નોએડાથી દિલ્હી જવામાં હવે તેમને ૨૦ મિનિટના બદલે ૨ કલાક થાય છે અને તેના પાછળનું કારણ ખેડૂતો દ્વારા કરવામાં આવેલો રસ્તા પરનો ચક્કાજામ છે. આ અંગેની સુનાવણી દરમિયાન જસ્ટિસ એસ.કે. કૌલએ સોલિસિટર જનરલ તુષાર મેહતાને કહ્યું કે, તમે આ સમસ્યાનું સમાધાન શા માટે નથી લાવી શકતા.

### રાજકોટ જિલ્લામાં પૂર પ્રભાવિત વિસ્તારમાં વહિવટી તંત્ર સ્ટેન્ડ ટુ રહે : ભૂપેન્દ્રભાઇ પટેલ

# પુરગ્રસ્ત વિસ્તારો માટે નવા સીએમની સંવેદના



રાજકોટ, તા.૧૫

મુખ્યમંત્રીશ્રી સાથે આયોજિત સમીક્ષા બેઠકમાં મેયર ડો. પ્રદીપ ડવ, સાંસદ સભ્યો સર્વેશ્રી શ્રી મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, રમેશભાઈ ધડુક, ધારાસભ્ય સર્વશ્રી ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠીયા, રાજકોટ શહેર પ્રમુખશ્રી કમલેશ મિરાણી, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી શ્રી ભુપતભાઈ બોદર, અગ્રણીઓશ્રી મનસુખભાઈ ખાચરિયા, મનીષભાઈ ચાંગેલા, પી.જી.વી.સી.એલ.ના એમ. ડી. શ્રી ધીમંત વ્યાસ સહિત વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભારે વરસાદથી અસરગ્રસ્ત રાજકોટ જિલ્લાના પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લઈને અસરગ્રસ્તો સાથે સંવાદ કરી કુદરતી આપત્તિ?ના આ સમયમાં સરકાર તેમની પડખે છે તેવી હૈયા ધારણા આપી હતી. ત્યાર બાદ તેમણે રાજકોટ કલેકટર કચેરીના સભાખંડમાં જિલ્લાના અધિકારીઓ સાથે બેઠક યોજી પ્રશાસન દ્વારા હાથ ધરાયેલ કામગીરીની સર્વગ્રાહિ સમિક્ષા કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ ઉપસ્થિત અધિકારીશ્રીઓ પાસેથી જિલ્લામાં થયેલ નૂકશાનીની વિગતો મેળવી અસરગ્રસ્ત વિસ્તારોમાં નૂકશાનીના સર્વેની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા તથા હવામાન વિભાગ દ્વારા આગામી બે દિવસ માટે જાહેર કરવામાં આવેલ 'રેડ' અને 'યલો' એલર્ટના પગલે વહિવટી તંત્રને 'સ્ટેન્ડ ટુ મોડ'માં રહી પરિસ્થિતિ ઉપર નજર રાખવા તાકીદ કરી હતી. આ બેઠક બાદ માધ્યમો સાથેના સંવાદમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે કુદરતી આપત્તિ?ના આ સમયમાં અધિકારી - પદાધિકારીઓએ પરસ્પરના સંકલન સાથે કરેલ કાર્ય સરાહનીય છે. આ કપરા સમયમાં જિલ્લાના ગ્રામિણ વિસ્તારોના ૩૩૦૬ લોકોનું સ્થળાંતર કરાવવામાં આવ્યું હતુ, જે પૈકી ૨૭૩૩ જેટલા લોકો પોતાના ઘરે પરત ગયા છે. આ ઉપરાંત ૫૧૭ લોકોનું રેસ્કયુ કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ રાજકોટ જિલ્લામાં થઈ રહેલી કામગીરીની વિગતો આપતા કહ્યું કે વરસાદના જે પાણી ભરાઇ ગયા હતા તે હવે ઓસરી ગયા છે. જિલ્લામાં જિલ્લાના ૮૨ જેટલા ગામોમાં વીજ પુરવઠાને અસર થઈ હતી, તેમાંથી હવે માત્ર ૩ ગામો જ પૂર્વવત થવાના બાકી છે. રાજકોટમાં આવતીકાલ સુધીમાં જનજીવન પૂર્વવત થઈ જશે તે રીતે કાર્યવાહી થઈ રહી છે. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાથે ઉપસ્થિત રાજકોટ જિલ્લાના સાંસદશ્રીઓ તેમજ ધારાસભ્યશ્રીઓએ રાજકોટ તેમજ પોરબંદર વિસ્તારમાં પ્રશાસન દ્વારા કરવામાં આવેલી કામગીરીને બિરદાવી હતી અને વરસાદ બાદ રોડ-રસ્તા, ખેતર, ઘરો અને જાનમાલની થયેલ નુકસાનીનો વહેલી તકે સર્વે પૂર્ણ કરી અસરગ્રસ્ત લોકોને જરૂરી સુવિધા પુરી પાડવા સૂચન કરાયું હતું. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ બેઠકમાં કલેકટરશ્રી અરૂણ મહેશ બાબુ, મ્યુનિસિપલ કમિશનર શ્રી અમિત અરોરા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી દેવ ચૌધરી, રિજિયોનલ મ્યુનિસિપલ કમિશનર દ્વારા રાજકોટ શહેર તેમજ ગ્રામ્યમાં વરસાદ પહેલા, દરમ્યાન તેમજ ત્યારબાદ લોકોનું સલામત સ્થળે કરવામાં આવેલ સ્થળાંતર, બચાવ, રાહત, પાણીના નિકાલ અર્થે કરવામાં આવેલી કામગીરીની માહિતી પુરી પાડી હતી. પોલીસ કમિશ્નર શ્રી મનોજ અગ્રવાલ, રેન્જ આઈજી શ્રી સંદીપસિંહ અને જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી બલરામ મીનાએ કુદરતી આફત સમયે પોલીસ દ્વારા બચાવ, રોડ ડાયવરઝન સહિતની કરવામાં આવેલ કામગીરીની માહિતી મુખ્યમંત્રીશ્રીને પુરી પડી હતી. આ તકે મુખ્ય સચિવશ્રી પંકજકુમારે ઉપસ્થિત અધિકારીશ્રીઓને માર્ગદર્શન પુરૂ પાડયું હતું.

## અફઘાનિસ્તાનમાં તાલિબાની દ્વારા ચોરી તેમજ અનૈતિક સંબંધ બદલ આકરી સજા

કાબુલ , તા.૧૫

તાલિબાની અધિકારીએ જણાવ્યું કે તેમના શાસનમાં ચોરોના હાથ કાપી દેવાશે જ્યારે અનૈતિક સંબંધો ધરાવતા લોકોને પથ્થરો મારવાની આકરી સજા અપાશે. અનૈતિક સંબંધોમાં સંડોવાયેલ પુરુષો અને મહિલાઓ બંનેને એક જ સમાન સજા કરાશે. અમે માત્ર ઈસ્લામી નિયમો અને કાયદાનું પાલન કરતો શાંતિપૂર્ણ દેશ ઈચ્છીએ છીએ. શાંતિ અને ઈસ્લામી શાસન જ અમારી એકમાત્ર ઈચ્છા છે. દરમિયાન અફઘાનિસ્તાનમાં છેલ્લા એક મહિનાથી ચાલતા સંઘર્ષ વચ્ચે હવે ત્યાં ફરીથી સ્થિતિઓ સામાન્ય થઈ રહી છે. આથી કાબુલ એરપોર્ટ ટૂંક સમયમાં જ આંતરરાષ્ટ્રીય ઉડ્ડયનો માટે તૈયાર થઈ જશે તેમ કાબુલ એરપોર્ટના નિર્દેશક અબ્દુલ હાદી હમદાનીએ કહ્યું હતું. તેમણે ઉમેર્યું કે કાબુલ એરપોર્ટ પર ટેકનિકલ સમસ્યાઓને સુધારવાનું કામ ચાલુ છે. ડોમેસ્ટિક ફ્લાઈટ્સનું સંચાલન શરૂ થઈ ગયું છે અને આંતરરાષ્ટ્રીય ઉડ્ડયનો ટૂંક સમયમાં શરૂ થઈ જશે. અફઘાનિસ્તાના ટોલો ન્યૂઝના એક રિપોર્ટ મુજબ કાબુલ એરપોર્ટ પર મહિલા કર્મચારીઓ સહિત એરપોર્ટના સુરક્ષા કર્મચારીઓ નોકરી પર પાછા ફર્યા છે અને એરપોર્ટ પર ટ્રાફિક સામાન્ય થઈ રહ્યો છે.અફઘાનિસ્તાન હવે સંપૂર્ણપણે તાલિબાનોના કબજામાં છે. ત્યાંની વચગાળાની સરકાર હવે તેના એજન્ડાના આધારે શાસન કરી રહી છે. નવા શાસનમાં 'સદગુણોના પ્રચાર અને દુર્ગુણોને રોકવા'નું મંત્રાલય પણ છે. આ મંત્રાલયનું નામ સાંભળવામાં ભલે સારું લાગે, પરંતુ તેના આદેશો સદીઓ જૂની બર્બર સજાના અફઘાનિસ્તાનમાંથી ફરીથી ઉદયને પુષ્ટી આપે છે. તાલિબાનો શરિયા કાયદાની આકરી આવૃત્તિ લાગુ કરવા માટે કુખ્યાત છે. તેમાં પુરુષ સાથી વિના મહાલોના ઘરની બહાર નોકરી કરવા પર પણ પ્રતિબંધનો સમાવેશ થાય છે. તાલિબાનના એક અધિકારીએ અમેરિકાના અગ્રણી અખબાર ન્યૂયોર્ક પોસ્ટને કહ્યું કે તેમનો મુખ્ય આશય ઈસ્લામની સેવા કરવાનો છે, જેના માટે એક સારા અને સદગુણ મંત્રાલયની જરૂર છે. અફઘાનિસ્તાનના કેન્દ્રીય ક્ષેત્ર માટે જવાબદાર હોવાનો દાવો કરનારા મોહમ્મદ યુસુફે જણાવ્યું કે તાલિબાન શાસન કાયદાઓનો ભંગ કરારા લોકોને 'ઈસ્લામી કાયદા' હેઠળ સજા કરશે. યુસુફે જણાવ્યું કે, તાલિબાનોના શાસનમાં અફઘાનિસ્તાનમાં ઈરાદાપૂર્વક ગૂનો કરનારા હત્યારાને મારી નંખાશે. હત્યારાએ ઈરાદાપૂર્વક હત્યા નહીં કરી હોય તો તેને ચોક્કસ રકમની ચૂકવણી કરવા જેવી સજા થઈ શકે છે. ૧૯૯૬-૨૦૦૧ના સમયમાં તેના શાસન દરમિયાન તાલિબાનોના આ મંત્રાલયે અફઘાનિસ્તાનના રસ્તા પર નૈતિક પોલીસ સ્થાપિત કરી હતી અને ગૂનાના આધારે તેનો ભંગ કરનારાને કોરડા મારવા, પથ્થરો મારવા અને ત્યાં સુધી કે જાહેરમાં મારી નાંખવા જેવી સજાઓ કરી હતી.

## ચીનમાં ડેલ્ટા વેરિયન્ટના કેસ વધતા શહેરમાં લોકડાઉન

બૈજિંગ , તા.૧૫

ઝિયામેન પ્રાંતના દરિયાઈ શહેરના રહેવાસીઓને કોઈપણ મહત્ત્વના કારણસર શહેરની બહાર નીકળવાની મનાઈ ફરમાવવામાં આવી છે. શહેરમાં કોરોના વાઈરસના ડઝનેક કેસો પ્રકાશમાં આવ્યા પછી આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ શહેર ઈલેક્ટ્રોનિક ઉપકરણોનું હબ છે. અહીં એબીબી અને સ્નાઈડર ઈલેક્ટ્રિક જેવી કંપનીઓના પ્લાન્ટ છે. નેશનલ હેલ્થ ટીમના નિષ્ણાતોએ જણાવ્યું હતું કે તેઓને વર્તમાન રોગચાળામાં અનેકગણો વધારો થવાની સંભાવના દેખાઈ રહી છે. વર્તમાન ફેલાવાના મુખ્ય કેન્દ્ર પુટિયાનના અધિકારીઓએ જણાવ્યું હતું કે આ અત્યંત આકરી અને જટિલ સ્થિતિ છે. રહેણાક કમ્પાઉન્ડો, ફેક્ટરીઓ અને સ્કૂલોમાં વધારે કેસો જોવા મળે તેવી સંભાવના છે. ઓગસ્ટ પછી પુટિયાન શહેરને ૩૦ હજાર લોકો છોડી ગયા છે. તેની બહાર બીજા કોઈ કેસ જોવા મળ્યા નથી. ઝિયામેન પ્રાંતમાં બધા કિંડરગાર્ડન, પ્રાઈમરી અને મિડલ સ્કૂલ બંધ કરી દેવાઈ છે અને વિદ્યાર્થીઓને ઓનલાઇન ક્લાસ માટે કહેવાયું છે. શહેરની લાંબા અંતરની બસો બંધ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત બીજા પ્રાંતોને જોડતી બસ પણ બંધ કરી દેવામાં આવી છે. સામૂહિક પરીક્ષણ શરૂ થઈ ગયા છે. ચીનના કોરોના વાઈરસના ડેલ્ટા વેરિયન્ટના ડઝનેક કેસો આવતા દક્ષિણપૂર્વી પ્રાંતના ૪૫ લાખની વસતી ધરાવતા શહેર ફુજિયામાં સંપૂર્ણપણે લોકડાઉન લાદવામાં આવ્યું છે. કોરોનાના રોગચાળાને રોકવા માટે અને કોવિડ-૧૯ સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવતા આ લોકડાઉન લાદવામાં આવ્યું છે. બધા રહેણાક કમ્પાઉન્ડો અને ગામડા બંધ કરી દેવાયા છે. આ ઉપરાંત સિનેમા, બાર, જિમ અને લાઈબ્રેરી જેવી નવરાશની પ્રવૃત્તિઓ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ફુજિયાન શહેરની સાથે ચીનમાં હવે ત્રણ શહેરોમાં કોરોનાના ૧૦૩ કેસ થયા છે.

## અફઘાની મૂળના ભારતીય કારોબારીનું કાબુલમાં અપહરણ

નવી દિલ્હી , તા.૧૫

તાલિબાનીઓએ કાબુલ ખાતે અફઘાન મૂળના એક ભારતીય કારોબારીનું બંદૂકની અણીએ અપહરણ કરી લીધું છે. તેમનું નામ બંસરીલાલ અરેન્દેહી છે. બંસરીલાલ શીખ સમુદાયના છે. તેમણે જણાવ્યું કે, ૫૦ વર્ષીય બંસરીની કાબુલમાં દવા ઉત્પાદનની દુકાન છે. તાલિબાનીઓએ મંગળવારે સવારે ૮:૦૦ વાગ્યે દુકાન પાસેથી તેમનું અપહરણ કર્યું હતું. તાલિબાનીઓએ બંસરીની સાથે તેમના સ્ટાફના લોકોને પણ કિડનેપ કર્યા હતા. જોકે તે લોકો કોઈ પણ રીતે તેમની ચુંગાલમાંથી બચીને ભાગી નીકળવામાં સફળ રહ્યા હતા. તાલિબાનીઓએ સ્ટાફને ખૂબ જ ખરાબ રીતે માર માર્યો હતો.

## મંત્રીઓની શપથવિધિ પહેલા જ ઘણાં મંત્રીઓની ઓફિસો ખાલી થવાની શરૂ

ગાંધીનગર ,તા.૧૫

ભૂપેન્દ્ર પટેલ સરકારમાં નવા મંત્રીઓના હાથમાં કમાન હશે. એટલે કે મોટાભાગના ચહેરા નવા લાવવામાં આવશે. તો બીજી તરફ, ભૂપેન્દ્ર પટેલ સરકારના નવા મંત્રીઓ લગભગ નક્કી થઈ ગયા છે. સરકાર દ્વારા તમામ ધારાસભ્યોને સવારે ૧૦ વાગ્યા સુધી ગાંધીનગર પહોંચી જવા ફરમાન કરાયુ હતું. ત્યારે આ વચ્ચે ભાજપના તમામ ધારાસભ્યો ગાંધીનગરમાં ઉપસ્થિત જોવા મળ્યા. મંત્રીમંડળમાં નવા ચહેરાઓને સ્થાન આપવામાં આવશે તેવી પૂરેપૂરી શક્યતા છે. આ વચ્ચે મંત્રીમંડળના શપથવિધિ અંગે મોટા સમાચાર સામે આવ્યા છે. હજુ સુધી શપથવિધિ માટે ધારાસભ્યોને ફોન કરવા સૂચના અપાઈ નથી. આ માટે ઉપરથી આવનારા ઓર્ડરની રાહ જોવાઈ રહી છે. સૂચના મળ્યા બાદ જ મંત્રીમંડળમાં સમાવેશ કરવામાં આવનાર ધારાસભ્યોને ફોન કરવામા આવશે. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, એક વાર પણ મંત્રી બન્યા હોય તેવા નેતાઓને પણ સ્થાન આપવામાં નહિ આવે. ગાંધીનગરમાં શપથવિધિનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. શપથવિધિ માટે ત્રણ સ્થળની પસંદગી કરાઈ હતી. રાજભવન, સચિવાલય અને મહાત્મા મંદિર ખાતે શપથવિધિ યોજાય તેવી શક્યતા હતા. ત્યારે આખરે રાજભવનમાં જ શપથ સમારોહ યોજાય તેવું લગભગ ફાઈનલ છે. રાજભવનમાં કાર્યક્રમ માટે બેસવા માટેની ખુરશીઓ અને અન્ય સામગ્રી લઈ જવામા આવી રહી છે. હાલ રાજભવન બહાર ચહલપહલ વધી ગઈ છે. આ ઉપરાંત સી.કે. રાઉલજી, કિરીટસિંહ રાણા, દુષ્યંત પટેલ, રાકેશ શાહ, આત્મારામ પરમાર, જગદિશ પંચાલ, પ્રદ્યુમનસિંહ જાડેજા અને નિમિશા સુથારના મંત્રી બનવાની શક્યતાઓ પણ પ્રબળ છે. આ તમામ ધારાસભ્યોને આજે કોલ આવી શકે છે. જેમાં ઉત્તર ગુજરાતમાંથી ઠાકોર ચેહરા તરીકે અજમલજી ઠાકોર, ગજેન્દ્રસિંહ પરમારને સ્થાન મળી શકે તેવી શક્યતા છે. તો જીતુ વાઘાણી અને ગોવિંદ પટેલને પણ મંત્રીમંડળમાં સ્થાન મળી શકે છે.

ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ
સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે, એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.
BM MAGIC WATERPROOFING
9624163945(M)
8690089211(W)
● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.
● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.
કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.
ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




**ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ચાર રચનાઓ**
**વિષય :." શ્રાદ્ધ પક્ષ.માતૃ,પિતૃ શ્રાદ્ધ મહત્વ" વિષયક રચનાઓ(૧૬-૯-૨૦૨૧)દિવસ - ૫**

Jan fariyad & News of Gandhinagar daily
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
website : www.janfariyadnews.com
What's up calling No : 9824653073
Email : prdpraval42@gmail.com
Email : prdpraval@yahoo.co.uk
YouTube : janfariyadnews
News portal : janfariyadnews
Twitter : @prdpraval

-------------------------------------------------

**NOG.SS.No 0102.**
**વિષયઃ-શ્રાદ્ધ પક્ષ ,માતૃ શ્રાધ,પિતૃ શ્રાદ્ધ નું મહત્વ.**
**પ્રકારઃ-ગધ.**
**શીર્ષકઃ-માતૃ શ્રાદ્ધ નું મહત્વ.**

જેઓએ આપણે જન્મ આપ્યો છે ,એવા માતા-પિતા અને પિતૃઓનું આપણા ઉપર ભારે ઋણ છે .તે આપણે ચૂકવવું જોઈએ ,તેઓના મૃત્યુની તિથિને દિવસે આપણે તેઓને યાદ કરીને શ્રદ્ધાપૂર્વક બ્રાહ્મણ ભોજન કરાવવું જોઈએ. તર્પણ વિધિ કરવી જોઈએ

સ્વજનોના મૃત્યુ થયા પછી તેનો આત્મા તેર દિવસ સુધી ભટકતો રહે છે. ઉત્તર ક્રિયા દરમિયાન તેમની મુક્તિ થાય છે, અને તેઓ પિતૃ યોનિ માં પ્રવેશ કરે છે.

અકાળે મૃત્યુ ,શસ્ત્રથી મૃત્યુ, આત્મઘાત ,વગેરે જેવા મૃત્યુ થતા હોય છે તેઓનો આત્મા અતૃપ્ત હોય છે ,એ ખુદ જ નહીં પરંતુ આપણા સ્વજનો ના મૃત્યુ પછી તેઓની ઉત્તર ક્રિયા જો બરોબર ન થાય તો, આવા આત્માઓ પ્રેત યોનિમાં ભટક્યા કરે છે, અને પોતાની મુક્તિ માટે તેઓ પ્રયત્ન કરે છે. ધાર્મિક વિધિ પૂર્ણ થયા પછી તેઓનો આત્મા પિતૃ બની અને સ્વજનોની ઉપર કૃપા વરસાવે છે અને તે આત્માની મુક્તિ થઈ જાય છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

ગરુડ પુરાણમાં આ બાબતમાં ખૂબ જ સ્પષ્ટતાથી વાતો કરવામાં આવી છે.

જો તમને આધિ, વ્યાધિ ,કે ઉપાધિ હોય તમારા ઘરમાં શાંતિ ન રહેતી હોય, ઘરમાં કંકાસ થતા હોય, કાયમ બીમારી રહેતી હોય, બીમારીની લાખો રૂપિયા દેવા છતાં પણ દવા કરવવાથી તેનો કોઇ ઇલાજ ન મળે ,તેવી બીમારી લાગુ પડે ,ધંધામાં નુકસાન ,ઘરમાં સંતાનનું ન થવું ,તેમજ અનેક પ્રકારની માનવજીવનની મુશ્કેલીમાં પિતૃદોષ હોવાના સંકેતો જોવા મળે છે.

આજે હું આપને માતૃશ્રાધ ની વાત કરીશ. આપણી માતાનું આપણા જીવનમાં ઘણું મહત્વ છે તેમના મૃત્યુ પછી તેમની ઉત્તરક્રિયા સારી રીતે થાય અને શ્રાદ્ધ પક્ષમાં તેની તિથી આવતી હોય ત્યારે સંપૂર્ણ શ્રદ્ધાથી ધાર્મિક વિધીપૂર્વક તેની શ્રાદ્ધ વિધિ કરવામાં આવે તો માતાના આશીર્વાદ આપણે મળે છે.

સામાન્ય રીતે મૃતાત્મા ની તિથી હોય તે દિવસે ઘરે શ્રાદ્ધ વિધિ કરી શકાય આ ઉપરાંત માતૃશ્રાધ નું પણ ખાસ વિશેષ મહત્વ છે જે આ પ્રમાણે છે.

પૌરાણિક કથા પ્રમાણે કપિલમુનિએ પોતાની માતા દેવહુતી ને સાંખ્ય શાસ્ત્ર અને આત્માના ઉદ્ધાર માટેની કથાઓ કહી આ દરમિયાન માતાની આંખમાંથી આંસુ નીકળ્યા અને આ આશું માંથી એક સરોવર બન્યુ જેને આપણે બિંદુ સરોવરના નામે ઓળખીએ છીએ. પ્રભાસ પાટણ સિદ્ધપુર પાસે આ બિંદુ સરોવર આવેલું છે,.અને ત્યાં માતાનું શ્રાદ્ધ કરવામાં આવે છે.

બિંદુ સરોવર જઈ માતૃશ્રાદ્ધ કરી અને માતૃ ઋણમાંથી મુક્તિ મેળવી શકાય છે. ત્યાં રહેલા પુરોહિતો આ શ્રાદ્ધ વિધિ ખૂબ સારી રીતે કરાવે છે. પૂજન માટે જોઇતી સામગ્રી ,વસ્ત્રો ,દાન-દક્ષિણા વિગેરે કરવાનું હોય છે ,પુરોહિત પિંડદાન અને તર્પણ કરાવે છે અને આપણી માતાઓ અને વંશ માં રહેલી તમામ સ્ત્રીઓની પિંડ અને તર્પણ વિધિ કરવામાં આવે છે ,અને ત્યાર પછી માતૃ ઋણમાંથી મુક્તિ મળે છે. આ ધાર્મિક વિધિ પૂર્ણ થયા બાદ બ્રહ્મભોજન ,ગૌ ગ્રાસ, કાગવાસ, સ્વાન ભાગ ,વગેરે પણ આપવાનું હોય છે, બ્રાહ્મણને દક્ષિણા આપી તેના આશીર્વાદ મેળવવામાં આવે છે અને આ રીતે વિધિ બાદ આપણે આપણી માતાના ઋણમાંથી મુક્ત થઈ જઈએ છીએ માતાનો આત્મા મોક્ષ ગતિને પ્રાપ્ત કરે છે અને તે આપણે આશીર્વાદ આપે છે આ માતૃ શ્રાધ નું મહત્વ છે.

દરેક વ્યક્તિએ પોતાના માતૃ ઋણમાંથી મુક્ત થવા માટે આ શ્રાદ્ધ કરવું બહુ જરૂરી છે. આ ઉપરાંત શ્રાદ્ધ પક્ષમાં તેની તિથિને દિવસે બ્રહ્મભોજન વિગેરે પણ કરવા જોઇએ તેની વાર્ષિક તિથિને દિવસે પણ આ ક્રિયા કરવી જોઈએ જેથી માતાના આશીર્વાદ આપણે પ્રાપ્ત થાય છે અને આપણા જીવનમાં મુશ્કેલી ઓછી થઈ જાય છે.

શ્રદ્ધાપૂર્વક માતૃશ્રાદ્ધ કરો માતાના આશીર્વાદ મેળવો અને તેની કૃપાથી જીવનનો આનંદ માણો.

રતીલાલ વાયડા., નવી મુંબઈ .

-------------------------------------------------

**NOG.SS.No. 0102**
**વિષયઃ-શ્રાદ્ધ પક્ષ ,માતૃ શ્રાદ્ધ અને પિતૃ શ્રાદ્ધ નું મહત્વ.**
**પ્રકારઃ-ગધ**
**શીર્ષકઃ-પિતૃ શ્રાદ્ધનું મહત્વ.**

આપણા જીવનમાં પિતા અને પિતૃઓનું આપણી ઉપર ઘણું ઋણ છે. તે આપણે ચૂકવવું જોઈ એ. શ્રાદ્ધ પક્ષમાં પિતાનું મૃત્યું જે તિથી એ થયું હોય તે દિવસે શ્રદ્ધાપૂર્વક, શ્રાદ્ધ વિધિ, બ્રહ્મભોજન ,તેમજ દાન, અને દક્ષિણા આપવા તેથી પિતાનો આત્મા તૃપ્ત થાય છે. તે આપણે આશીર્વાદ આપે છે..

મૃત્યુ પછીનું જીવન કેવું છે તે બાબતમાં ગરુડ પુરાણમાં ઘણો ઉલ્લેખ આપેલો છે.

ભાદરવા મહિનામાં વદ તિથિમાં પિતાનું શ્રાદ્ધ કરવામાં આવે છે. આ વિધિ ઘરમાં પણ થાય છે. તેમજ ખાસ તો તેની સંપૂર્ણ મુક્તિ માટે આપણે પિતૃશ્રાદ્ધ પણ કરવું જોઈએ.

પિતૃ શ્રાદ્ધ બૌદ્ધગયા પાસે ગયા મુકામે ફાલ્ગુની નદીના કિનારે કરવામાં આવે છે.

દરેક જ્ઞાતિના અલગ પુરોહિતો હોય છે જે યજમાન પાસે પિતૃ શ્રાદ્ધ વિધિપૂર્વક કરાવે છે .શ્રાદ્ધની સામગ્રી વસ્ત્ર દાન-દક્ષિણા વગેરે કરવું પડે છે.પુરોહિત ની સૂચના પ્રમાણે વિધિ કરવાની હોય છે આ વિધિ પૂર્ણ થયા બાદ પિંડને નદીમાં વિસર્જન કરવામાં આવે છે ,અને ત્યાર પછી આ વિધિ પૂર્ણ થાય , બ્રાહ્મણ ભોજનની ક્રિયા કરવી પડે છે. આમ કરવાથી આપણા પિતા નું શ્રાદ્ધ પૂર્ણ થાયછે.

ખોડખાપણ વાળા સંતાન પેદા થવા, ઘરમાં કંકાસ, બીમારી ,ઘરમાં પારણું ન બંધાવું, યોગ્ય ઉંમરે લગ્ન ન થવા, પ્રમોશન ન મળવું ,નોકરીમાં મુશ્કેલી વગેરે કારણોમાં પણ પિતૃદોષ જોવા મળે છે. આ પિતૃદોષમાંથી મુક્તિ મેળવવા માટે શ્રાદ્ધ વિધિ તે ઉત્તમ ઉપાય છે. એવું શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે. આજના વિજ્ઞાન ના જમાનામાં પણ આ વાત માનવાને માટે ઘણા બધા લોકોને સાક્ષાત્કાર થયેલો છે .માટે આપણે આપણા પિતૃઓનું ઋણ અદા કરવા માટે હંમેશા શ્રદ્ધાપૂર્વક તેનું શ્રાદ્ધ કરવું જોઈએ તેની વાર્ષિક તિથી આવે ત્યારે પણ પ્રેમથી બ્રહ્મભોજન દાન-દક્ષિણા વગેરે કરવા જોઈએ જેથી આપણા પિતા આપણા ઉપર રાજી થાય છે તેઓ આશીર્વાદ આપે છે અને આપણા જીવનમાં સુખ શાંતિ અને સમૃદ્ધિ ની સ્થાપના થાય છે .એવું શાસ્ત્રોમાં વિધાન છે

આ ઉપરાંત સર્વ પિતૃઓના આત્માને શાંતિ અને મોક્ષ ની પ્રાપ્તિ માટે બદ્રીનાથમાં બ્રહ્મ કાપાલિક , શ્રાધ થાય છે. દ્વારકામાં ગોમતી નદીને કિનારે હરિદ્વારમાં ગંગા કિનારે ,રામેશ્વર ,ચાર ધામ સપ્તપુરી અને અનેક નદીઓના કિનારે પણ શ્રાદ્ધ વિધિ શ્રદ્ધાપૂર્વક કરવાથી આપણા તમામ પિતૃઓની મુક્તિ થાય છે ,તેઓને મોક્ષ મળે છે અને આપણે તેઓ આશીર્વાદ આપે છે, અને તેથી જ આપણું જીવન સુખ શાંતિપૂર્વક વીતે છે. માટે આપણે પણ આપણા પિતૃ ઋણમાંથી મુક્ત થવા માટે આ શ્રાદ્ધ કરવું એ બહુ જરૂરી છે.

રતીલાલ વાયડા.નવી મુંબઈ.

-------------------------------------------------

**NOG SS No.0019**
**વિષય..શ્રાદ્ધ**
**પ્રકાર.. ગદ્ય**
**શીર્ષક..... થયું શ્રાદ્ધ**

પીઠમાં ક્યારેક સહન ના થાય એવા દુઃખાવાની ફરિયાદ કરતી માએ વોશિંગ મશીન નું સપનું જોયું ,પણ દિકરાની ફોન ખરીદવાની જીદ નજર સામે આવતાં, માએ એજ ક્ષણે વોશિંગ મશીનના સપનાનું શ્રાદ્ધ કર્યું.

બાપાના બૂટના તળિયાં દેખાવા માંડતા નવા બૂટ ખરીદવા માટે બરોબર મન બનાવી જ લીધું હતું, ત્યાં તો દિકરાને સ્કુલ શુઝ અપાવવાના આનંદમાં બાપે પોતાના બૂટ ખરીદવાના સપનાનું એક જ ઝાટકે શ્રાદ્ધ કર્યું.

ભીની પથારી કરે,ગમે ત્યારે ડાઇપર બદલવા મમ્મીએ ઘણીવાર પોતાની ઊંઘનું ★શ્રાદ્ધ★ કર્યું.

સંતાનોને ભાવતાં ભોજન પીરસી પોતાની માટે જરાય ન વધેલી વાનગી માટે ગૃહિણીએ ભાવતી વસ્તુઓનું શ્રાદ્ધ કર્યું.

કલ્પનાબેન ત્રિવેદી સુરેન્દ્રનગર

-------------------------------------------------

**NOG SS NO-* 0088**
**વિષય શબ્દ- માતૃ - પિતૃ શ્રાદ્ધ તર્પણ**
**પ્રકાર- ગદ્ય**
**શીર્ષક- તર્પણ એક સામાજિક સાનિધ્ય**

"જ્યાં કર્યું સમર્પણ જીવનનું ત્યાં અર્પણ કરવું શું બાકી?
ખોળામાં પિતૃ ખેલાવે ત્યાં તર્પણ કરવું શું બાકી?"

સ્વાધ્યાય પરિવારના ભાવગીતની આ બે પંક્તિઓ.. શ્રાદ્ધ અને તર્પણ વિશે ઘણું બધું કહી જાય છે. આમ તો આખા ભાવગીતનો એકેએક શબ્દ સમજવા લાયક છે. આ ઉપરાંત પરમ પૂજ્ય પાંડુરંગ દાદાનું "શ્રાદ્ધ" નામનું પુસ્તક પણ માતૃ - પિતૃ તર્પણના તત્વચિંતન થી ભરેલું છે. તેને વાંચ્યા પછી જ માતૃ અને પિતૃ શ્રાદ્ધ કેમ? અને કેવી રીતે? તે વિશેની તેમની ઊંડી સમજ પૂરી પડે શકે.

માતાપિતાની હયાતીમાં તેઓની કરવામાં આવતી સારસંભાળ એ જ મોટામાં મોટું તર્પણ કહી શકાય.

આજકાલ નવો ટ્રેન્ડ ચાલે છે કે મૃત્યુ પછીની તર્પણવિધી અને શ્રાદ્ધ વગેરેની શું જરૂરિયાત ? આવા ખોટા ખર્ચા કરી પૈસાનો બગાડ શું કામ?

જ્યારે એ જ વસ્તુ લગ્ન જેવા સમારંભો.. જે એક દિવસથી વધીને ત્રણચાર દિવસના બની ગયા છે.. ત્યાં લાગું નથી પડતું.

માતાપિતાના મૃત્યુ પછીની ઉત્તરક્રિયા જેવી કે તર્પણવિધી અને શ્રાદ્ધ...આ બંને વિધી સંતાનો માટે તેઓના આત્માના કલ્યાણ અર્થે આખરી મોકા તરીકે હોય છે..

હા હું પણ દેખાદેખી કે ખોટા કર્મકાંડથી આર્થિક બોજો પડે અને સંતાનો દેવાના ડુંગર તળે દટાઇ જાય તેવા તર્પણની હિમાયત નથી કરતી.. પણ માબાપના આશિર્વાદથી જેની પાસે સગવડ છે, તેમણે સાદાઈથી પણ તેમની મરણોત્તર ઇચ્છા પ્રમાણે શ્રાદ્ધ અને તર્પણ કરવાં જોઈએ..

તેમાં ઘર અને કુંટુંબના સ્વજનો બેચાર દિવસ સાથે રહેતાં.. જમતાં. ત્યારે પરસ્પર સૌ એકબીજાની નજીક આવતાં. આ સાનિધ્યને પરિણામે પરસ્પરની તકલીફો અને સુખદુઃખથી પરિચિત થતાં અને મોટાભાગની સામાજિક સમસ્યાઓનું નિવારણ ઘર અને કુંટુંબના સ્વજનો કરી દેતાં..

ઘરની વાત ઘરમાં રહેતી અને આજની જેમ સામાજિક છૂટાછેડા, માનસિક બીમારીઓ અને આત્મહત્યા જેવાં કૃત્યો ઓછાં થતાં.

માણસ માણસની નજીક આવતો અને સ્વજનોને હકથી સુખદુઃખ વહેંચતો. ભાઈચારાની ભાવના પ્રબળ બનતી.

ડો. મનીષા વ્યાસ,અમદાવાદ

## ચોમાસાની ઋતુમાં વીજસલામતી માટે આટલું ધ્યાન રાખીએ

ચોમાસાની ઋતુમાં ખાસ કરીને વીજળીના કારણે ઘણીવાર માનવ જીંદગીને નુકસાન થતું હોય છે તો ઘણી વાર જિંદગી પણ જોખમમાં મૂકી હોય છે ત્યારે આપણે સૌએ ચોમાસાની ઋતુ દરમિયાન આપણી સલામતી માટે કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ જેમ કે:

ભીના હાથે ઈલેક્ટ્રિક સ્વીચ ચાલુ/ બંધ ન કરવી કે વીજ ઉપકરણોને અડકવું નહીં

.ઈલેક્ટ્રિક નેટવર્ક જેવા કે વીજ પોલ, ટ્રાન્સફોર્મર, વીજ તાર, મીટર પેટી, અર્થીંગ વાયર, સ્ટ્રીટ-લાઈટના પોલ કે ઈલેક્ટ્રિક બોક્ષને કદાપિ અડકવું નહીં. તેમજત્યાં કે તેની આસપાસ દોરી કે તાર બાંધી કપડાં સુકવવા નહીં.

બિનઅધિકૃત વ્યક્તિઓએ ઈલેક્ટ્રિક નેટવર્ક સાથે છેડછાડ કરવી નહીં. તેની પર જાહેરાત કે પોસ્ટર લગાવવા નહીં તથા અન્ય કેબલ કે વાયર વીંટાળવા નહીં.

ઈલેક્ટ્રિક નેટવર્ક પર તણખા ઝરતા હોય તો તુરંત જ સ્થાનિક વીજ કચેરીને જાણ કરવી.

વીજલાઈનની નીચે તેમજ ટ્રાન્સફોર્મર સેન્ટર નજીક વાહનો ઊભા રાખવાં નહીં કે પાર્ક કરવા નહીં. તેમજ વધુ ઊંચાઈના વાહનોને વીજલાઈનની નીચેથી સાવચેતીપૂર્વક પસાર કરવા.

વીજલાઈન પર લંગર નાખીને વીજપ્રવાહ લેવો નહીં. કારખાના કે ઘરની બારીમાંથી પાણી, કચરો, મેટાલિક યાર્ન, તાર, વાયર કે ભંગાર વીજલાઈન પર ફેંકવો નહીં.

બાંધકામ ચાલતું હોય તે સ્થળ પાસેથી પસાર થતી વીજલાઈન અને વીજ પોલથી સલામત અંતર જાળવવું.

વીજ સલામતીના નિયમોનુસાર, યોગ્ય ક્ષમતાના ફ્યુઝ, સ્ઝમ્, ઈઝઝમ્ તથા ઈન્ઝમ્નો ઉપયોગ કરવો.

કરારીત વીજભાર કરતા વધારે વીજભાર જોડેલ હોય તો વધારાના વીજભારને અધિકૃત કરાવી લઈએ.

આમ આપણે જો ઉપરોક્ત વિગતો ધ્યાનમાં રાખી શું તો આપણે આપણી જિંદગીને સલામત રાખવાની સાથે જોખમ નહીં મૂકીએ.

## આકાશીય વીજળીથી બચવા માટે આટલું કરીએ

વર્ષાઋતુમાં વીજળી પડવાને કારણે તથા પાણીના પ્રવાહમાં તણાવાના કારણે માનવ/પશુ મૃત્યુના બનાવ બનવા પામતા હોય છે. ત્યાતરે આકાશીય વીજળીથી બચવા માટે શું કરીએ તો માનવ-પશુ જિંદગી બચી શકે.

આકાશીય વીજળીથી સુરક્ષિત રહેવાના પગલાંઓ જેવાં કે જયારે આપણે ઘરની અંદર હોઈએ ત્યારે વીજળીથી ચાલતા ઉપકરણોથી દુર રહેવુ જોઈએ, તારથી ચાલતા ફોનનો ઉપયોગ ન કરીએ, બારી-બારણા અને છતથી દુર રહીએ, વીજળીના વાહક બને તેવી કોઈપણ ચીજવસ્તુથી દુર રહીએ, ધાતુથી બનેલા પાઈપ, નળ, ફુવારો, વોશબેસીન વગેરેના સંપર્કથી દુર રહીએ, આકાશીય વીજળી સમયે જો ઘરની બહાર હોઈએ તો ઊંચા વૃક્ષો વીજળીને આકર્ષે છે જેથી તેનો આશરો લેવાનું ટાળીએ, આસપાસ ઊંચા માળખા ધરાવતા વિસ્તારમાં આશરો લેવાનું ટાળીએ અને ટોળામાં રહેવાને બદલે છૂટાછવાયા વિખરાઈ જઈએ, મકાનો આશ્રય માટે ઉત્તમ ગણાય છે, જયારે મુસાફરી કરતા હોઈએ તો વાહનમાં જ રહીએ, મજબૂત છતવાળા વાહનમાં રહીએ.

આ ઉપરાંત ધાતુની વસ્તુનો બહાર ઉપયોગ ન કરીએ, ધાતુની વસ્તુઓ જેવી કે બાઈક, ઈલેક્ટ્રીક કે ટેલિફોનના થાંભલા, તારની વાડ, મશીનરી વગેરેથી દૂર રહીએ, પાણી વીજળીને આકર્ષે છે, તેથી પુલ, તળાવો અને જળાશયોથી દુર રહીએ, પાણીમાં હોઈએ તો બહાર આવી જઈએ, જો આપણા માથાના વાળ ઉભા થઈ જાય, ચામડીમાં ઝણઝણાટી થાય ત્યારે તાત્કાલિક નીચા નમીને કાન ઢાંકી દઈએ, કારણ કે તમારી આસપાસ વીજળી ત્રાટકી રહી છે તેમ સમજીને જમીન પર સુવાનું ટાળવું અથવા તો જમીન પર હાથ અડકે નહીં તેનું ધ્યીન રાખીએ.

આકાશીય વીજળીનો ઝટકો લાગે તો વીજળીનો આંચકો લાગેલ વ્યક્તિને જરૂર જણાય તો કૃત્રિમ શ્વાસોશ્વાસ (સીપીઆર) આપવો જોઈએ અને તાત્કાલિક પ્રાથમિક તબીબી સારવાર આપવી જોઇએ. વીજળીની સલામતી માર્ગદર્શિકા એ ૩૦-૩૦ નો નિયમ છે, વીજળી જોયા પછી ૩૦ની ગણતરી શરૂ કરવી, જો આપણે ૩૦ સુધી પહોંચતા પહેલા ગાજવીજ સાંભળીએતો ઘરની અંદર જતા રહેવું જોઈએ, ગર્જનાના છેલ્લા તાળા પછી ઓછામાં ઓછા ૩૦ મિનિટ પ્રવૃત્તિઓ સ્થગિત કરી દઈએ. ઈલેક્ટ્રીક વીજ ઉપકરણોને નુકસાન ન થાય તે માટે હંમેશા કામની સ્થિતિમાં અર્થીંગ રાખીએ.

આમ, આપણે ચોમાસની ઋતુમાં જો આટલી જાગૃતિ રાખીશું તો આપણે આપણાં અને પશુના જીવનને સુરક્ષિત બનાવી શકીશું.

## ગાંધીનગર સચિવાલયમાં વિજળી પડતા એક કર્મચારીનું મોત નિપજ્યું

ગાંધીનગર, તા.૧૫

રાજયમાં અતિ ભારે વરસાદની આગાહી વચ્ચે સૌરાષ્ટ્રમાં ચારે કોર પાણી જ પાણી જોવા મળ્યું છે એક બાજુ કહેવાતું હતું કે સૌરાષ્ટ્રમાં પાણીની ખૂબ જ તંગી છે ત્યાં પાણીની પ્રોબ્લમ હરહંમ્શ માટે રહે છે તેમ છતાં આ વર્ષે અતિ વરસાદને કારણે સમગ્ર સૌરાષ્ટ્રમાં પાણી ભરાયા ગામે ગામો પાણીમાં ગરકાવ થયા તેમજ તમામ ડેમો ભરાઈ ગયા તેની સાથે દક્ષિણ ગુજરાતમાં પણ અતિ ભારે વરસાદ જોવા મળ્યો છે અને ત્યાં પણ ડેમો ની સપાટી ઉપર આવી છે તમામ ડેમો ભરાઈ ચુક્યા છે આવી પરિસ્થિતિમાં અનેક જગ્યાએ ઝાડ પડવા તેમજ ઢોરના મૃત્યુ અને વિજળી પડવાની ઘટનાઓ જોવા મળી રહી છે. તેવી જ રીતે હાલમાં ગાંધીનગરમાં જોરદાર વરસાદની સાથે વિજળી ના કડાકા ભડાકા થતા વરસાદ વર્ષો જેમાં ગાંધીનગરમાં ફરજ બજાવતા અને જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના પટાવાળા તરીકે રજનીકાંત પર અચાનક વિજળી પડતા મોત નીપજ્યું હતું. જેમાં વાત એમછે કે ગાંધીનગરમાં જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગમાં પટાવાળામાં ફરજ બજાવતા રજનીકાંત ચા - નાસ્તો કરવા જુના સચિવાલયમાં રિશેષ સમયે આવ્યા હતા તે દરમિયાન તે જુના સચિવાલયના બ્લોક નંબર ૧૧ પાસેના બગીચા નજીક લીમડાના ઝાડ પાસેથી પસાર થતી વખતે તેમના પર અચાનક વિજળી પડતા તેમનું મૃત્યુ થયું હતું.બનાવના પગલે આસપાસના કર્મચારીઓ મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા. તરફડિયાં મારતાં રજનીકાંતભાઈને તાત્કાલિક સારવાર અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સિવિલ લઈ જવાયા હતા પરંતુ ફરજ પરના ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા.

### વૈદ્યકીય ક્ષેત્રમાંના 'કટ પ્રેક્ટીસનું 'ઑપરેશન મહારાષ્ટ્ર સરકારક્યારે કરશે ?

## અનાવશ્યક કસોટીઓ-તપાસણીઓ, ઔષધિઓ ઇત્યાદિના માધ્યમ દ્વારા રુગ્ણો પાસેથી લૂંટ !

આરોગ્ય ક્ષેત્રમાં ડૉક્ટર અને રુગ્ણાલયો આવશ્યક ન હોવા છતાં રુગ્?ણોની અસહાયતાનો ગેરલાભ લઈને વૈદ્યકીય કસોટીઓ-તપાસણીઓ કરવા માટે કહેવામાં આવે છે; વિશિષ્ટ ઔષધિઓ લેવા માટે વિશિષ્ટ 'મેડિકલ સ્ટોર'માં મોકલવામાં આવે છે; આ માધ્યમ દ્વારા 'ટકા' તરીકે મળનારી લાંચ 'કમિશન' તરીકે સ?વીકારવામાં આવે છે; આવી 'કટ પ્રેક્ટીસ' રાજ્યમાં મોટા પ્રમાણમાં ચાલુ છે. આ ગેરપ્રકારોના વિરોધમાં કાયદો કરવા માટે ૨૭ જુલાઈ ૨૦૧૭ના દિવસે શાસને તજજ્ઞોની સમિતિ નક્કી કરી હતી. આ સમિતિએ કાયદાનું માળખું તૈયાર કરી આપ્યું તો ખરું; પણ આગળ પાંચ વર્ષ તેના પર કોઈપણ કાર્યવાહી થઈ નહી. કોરોના કાળમાં તો ડૉક્ટર, પૅથોલોજી લૅબ અને રુગ્?ણાલયોએ મોટાપાયે રુગ્?ણોને લૂંટી લીધા. આ પ્રકરણ અત્યંત સંવેદનશીલ છે અને ડૉક?ટરોના 'કટ પ્રેક્ટીસ'નું 'ઑપરેશન' મહારાષ્ટ્ર શાસન ક્યારે કરશે, એવો પ્રશ?ન હિંદુ વિધિજ્ઞ પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ ધારાશાસ્ત્રી વીરેંદ્ર ઇચલકરંજીકરે પૂછ?યો છે.

આ વિશે હિંદુ વિધિજ્ઞ પરિષદે મુખ્યમંત્રી, આરોગ્યમંત્રી, આરોગ્ય સચિવ, વૈદ્યકીય શિક્ષણ અને ઔષધિ દ્રવ્યો મંત્રી તેમજ વિભાગના સચિવને વિગતવાર નિવેદન મોકલાવ્યું છે. નિવૃત્ત પોલીસ મહાસંચાલક પ્રવીણ દીક્ષિત, ડૉ. અવિનાશ તુપે, ડૉ. સંજય ઓક, ડૉ. અભય ચૌધરી ઇત્યાદિની સમિતિએ બનાવેલો 'મહારાષ?ટ્ર પ્રિવેંશન ઑફ કટ પ્રેક્ટીસ કાયદો ૨૦૧૭' આ મસૂદો ૨૯ સપ્ટેંબર ૨૦૧૭ના દિવસે વૈદ્યકીય શિક્ષણ સંચાલકોએ સંચાલનાલયના સંકેતસ્થળ પર લોકો પાસેથી 'વાંધા અને સૂચના' મગાવવા માટે મૂક્યો હતો. આ સંદર્ભમાં અમે માહિતી અધિકાર હેઠળ પૂછ?યું ત?યારે 'કાયદાની વિગતો તજજ્ઞ સમિતિએ હજી અમને આપી નથી. તેમજ સદર કાયદા વિશેની સંપૂર્ણ ફાઇલ વૈદ્યકીય શિક્ષણ અને ઔષધિ દ્રવ?યો મંત્રી પાસે ૧૮ મે ૨૦૨૧ના દિવસે મોકલાવેલી છે', એવો ઉત્તર ૨૩ ઑગસ્ટ ૨૦૨૧ના દિવસે આપીને વૈદ્યકીય શિક્ષણ અને ઔષધિ દ્રવ્યો વિભાગે હાથ ઝાટકી નાખ્યા છે. સરવાળે પાંચ વર્ષોમાં આ પ્રક્રિયાને ક્યો લકવો મારી ગયો છે, આ વાત 'કટ પ્રક્ટીસ' કરનારાઓને જ્ઞાત હોવી જોઈએ, એવું ધારાશાસ?ી ઇચલકરંજીકરે આ નિવેદનમાં કહ્યું છે.

ધારાશાસ્ત્રી ઇચલકરંજીકરે ઉમેર્યું કે, સમિતિના સંકેતસ?થળ પર મૂકેલા કાયદાનાં મસૂદામાં પણ અનેક ખામીઓ છે અને આ કાયદો 'કટ પ્રક્ટીસ' રોકવા માટે છે કે પછી કાયદેસર રીતે કરવા માટે છે કે છટકબારીઓનો મહામાર્ગ બનાવવા માટે છે ? આ કાયદા અનુસાર કેવળ નાની માછલીને પકડવાની જોગવાઈ છે; પણ ઔષધિ ઉત્પાદક કંપનીઓ અને રુગ્ણાલયો અર્થાત્ મોટી માછલીઓને છૂટ આપી છે. તેમજ આ પ્રકરણમાં ફરિયાદ જો ખોટી પુરવાર થાય અથવા ડૉક્ટરની બદનામી થાય તો પ્રથમ સ્તર પર ફરિયાદી રુગ્ણ દ્વારા હાનિભરપાઈ લેવાની જોગવાઈ કરવામાં આવી છે. આવું કોઈપણ કાયદામાં હોતું નથી. તેથી 'ચોર છોડીને સંન?યાસીને ફાંસી' દેવાનો જ આ પ્રકાર છે. આ બધું બદલવું જોઈએ, તે માટે અમે ધારાશાસ?ત્રીઓ શાસનની સહાયતા કરવા માટે તૈયાર છીએ, એવું પણ ધારાશાસ?ત્રી ઇચલકરંજીકરે કહ્યું છે.




ગુજરાતમાંથી કોરોના મુક્ત થતાં સરકાર તરફથી ગણેશ ઉત્સવ નવરાત્રી જેવા ઉત્સવો મનાવવા પરવાનગી આપી હોવાથી સિનિયર સિટીઝનો મિત્રો સાથે પોતાનો જન્મદિવસ સહ પરિવાર સાથે કેક કાપી એક બીજાને ખવડાવી મો મીઠા કરી મનાવે છે

# ઉત્તર ગુજરાતના તલાટીઓનુ પડતર માંગણીઓને મુદ્દે વિરોધ પ્રદર્શન



રાજ્યના તલાટીઓ બે વરસ અગાઉ પગાર વધારો સહિતની વિવિધ માંગણીઓને પગલે હડતાળ પાડી ધરણા કર્યા હતા ત્યારે સરકારે સુખદ ઉકેલ લાવવાની હૈયાધારણ આપી હતી તેમ છતાં આજદિન સુધી કોઈ ઉકેલ ન આવતાં મહેસાણા પાટણ અને બનાસકાંઠાના તલાટીઓ દ્વારા વિરોધ પ્રદર્શન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે જેમાં દર સોમવારે વિવિધ કાર્યક્રમો કરી વિરોધ પ્રદર્શન કરવામાં આવશે તલાટી કમ મંત્રીઓની કારોબારી બેઠક સાતમી સપ્ટેમ્બરે યોજાઈ હતી જેમાં બે વર્ષ અગાઉની પડતર માગણીઓ મામલે મનોમંથન કરવામાં આવ્યું હતું

જેમાં નોકરી સળંગ ગણવી, નવું પગાર ધોરણ મંજુર કરવું તલાટીના પ્રમોશન મહેસુલી તલાટીઓને પંચાયત તલાટીમાં મર્જ કરવા તેમજ ૨૦૦૬ ની ભરતી, ઉપકરણોથી પુરતી હાજરી રદ્દ કરવી, આંતર બદલી ,ફરજ મોકુફી એક ગામમાં એક તલાટી નું મહેકમ જેવી માગણીઓ ઉકેલવામાં નહી આવતા નારાજગી વ્યાપી હતી બનાસકાંઠામાં કલેકટરને તેમજ જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપવાનો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો હતો તેમ છતાં માગણી નહી સ્વીકારવામાં આવે તો આગામી દિવસોમાં વિવિધ કાર્યક્રમો આપી ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ આ બેઠકમાં ઉચ્ચારવામાં આવી હતી તેમ જિલ્લા તલાટી મંડળના પ્રમુખ મહેશભાઈ ડેલે જણાવ્યું હતું

દર સોમવારે વિવિધ કાર્યક્રમો કરી વિરોધ કરાશે તેમ છતાં ઉકેલ નહી આવે તો ગાંધીનગર સત્યાગ્રહ છાવણીમાં અચોક્કસ મુદતની હડતાળ કરવામાં આવશે.

# અરવલ્લી જીલ્લામાં ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડસ એક્ટ-૨૦૦૬ હેઠળ ૧૧ કેસોમાં ઇસમોને ૩.૩૭ લાખનો દંડ કરાયો

## જીલ્લા નિવાસી અધિક કલેકટરશ્રી દ્વારા ખરાબ ગુણવત્તાવાળા અને ધારા ધોરણો સિવાયના ખાદ્ય સામગ્રી વેચતા ૩૮ ઇસમો સામે દંડાત્મક કાર્યવાહી કરાઈ

મોડાસા-મંગળવાર,. મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો

અરવલ્લી જીલ્લામાં જીલ્લા નિવાસી અધિક કલેકટરશ્રી પ્રદીપસિંહ રાઠોડ દ્વારા ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડસ એક્ટ-૨૦૦૬ ની કલમ ૬૮ હેઠળ જીલ્લાના ૧૧ કેસોમાં ખરાબ ગુણવત્તાવાળા અને ધારા ધોરણો સિવાયના ખાદ્ય સામગ્રી વેચતા ૩૮ ઈસમો સામે દંડાત્મક કાર્યવાહી કરીને રૂ.૩,૩૭,૦૦૦ નો દંડ કરવામાં આવ્યો છે.

જેમાં અરવલ્લી જીલ્લાના શ્રી ભૈરવનાથ નમકીન વેચતા ૨ દુકાનદારોને રૂ.૨,૦૦૦, વિમલ કપાસીયા તેલ વેચતા ૬ દુકાનદારોને રૂ.૯૦,૦૦૦, GAIL GOKUL DOUBLE FILTERED GROUND OIL વેચતા ૪ દુકાનદારોને રૂ.૧૪,૦૦૦, ગોળ (લુઝ) વેચતા ૧ દુકાનદારને રૂ.૧૦,૦૦૦, NAHTA SSARAS REFINED IODISED FREE FLOW SALT વેચતા ૩ દુકાનદારોને રૂ.૩૦,૦૦૦, દેશી ગોળ વેચતા ૩ દુકાનદારોને રૂ.૪૦,૦૦૦, શ્રી ગજાનંદ ટ્રેડીંગના ગોળ વેચતા ૪ દુકાનદારોને રૂ.૧૪,૦૦૦, MAP REFINED COTTONSEED OIL વેચતા ૪ દુકાનદારોને રૂ.૩૮,૦૦૦, વાસ્તુ એગમાર્ક ગાયનું ઘી વેચતા ૪ દુકાનદારોને રૂ.૪૨,૦૦૦ ચિલ્લી પાઉડર વેચતા ૪ દુકાનદારોને રૂ.૨૪,૦૦૦ તથા મે.સિમુન બેક એન્ડ કેક વેચતા ૩ દુકાનદારને રૂ.૩૩,૦૦૦ નો દંડ કરીને તેમની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી.

જીલ્લા નિવાસી અધિક કલેકટરશ્રી પ્રદીપસિંહ રાઠોડશ્રી કડક કાર્યવાહી કરીને તેમણે જણાવ્યું કે, હવે આગળ જતા આ રીતની અખાદ્ય ચીજ વસ્તુઓ ન વેચવો તથા પ્રજાને સારી ગુણવત્તાવાળી ખાદ્ય સામગ્રી આપવી, પ્રજાને ભેળસેળ વાળી ચીજવસ્તુઓ આપવી નહિ તેવો કડક અનુરોધ કર્યો હતો.

## આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિય સ્વામીશ્રી સ્મૃતિ સર્કલનું શ્રી સ્વામિનારાયણ ગાદીના પ્રવર્તમાન

# આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજના વરદહસ્તે ધારાસભ્યશ્રી અરવિંદભાઈ પટેલના સહયોગથી ઉદ્‌ઘાટન



સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાર્વભૌમ નાદવંશીય ગુરુ પરંપરાના પંચમ વારસદાર વેદરત્ન આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજની પરમ સ્મૃતિમાં ન્યુ રાણીપ - અમદાવાદ ખાતે ×આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિય સ્વામીશ્રી સ્મૃતિ સર્કલ× નું શ્રી સ્વામિનારાયણ ગાદીના પ્રવર્તમાન આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજ તથા ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ પટેલ - સાબરમતી, મુખ્ય મ્યુનિસિપલ કાઉન્સિલર શ્રી દશરથભાઈ એચ. પટેલ- રાણીપ, ભારતીય જનતા પાર્ટી રાણીપ નગર વોર્ડ પ્રમુખ શ્રી કિરણભાઈ પટેલ, પોલીસ ઈન્સ્પેક્ટર આર.એસ. ઠાકર વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિમાં વેદના મંત્રોચાર સહ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

આ અવસરે મણિનગર - અમદાવાદથી શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના પ્રવર્તમાન આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજ વિશાળ સંત મંડળ સાથે શ્રી સ્વામિનારાયણ મંદિર, ન્યુ રાણીપ ખાતે પધાર્યા હતા. મંદિરમાં બિરાજમાન અધિષ્ઠાતા સર્વાવતારી સ્વામિનારાયણબાપા સ્વામીબાપાનાં દર્શન કર્યા હતાં. ત્યારબાદ સ્વર્ણિમ રથમાં બિરાજમાન શ્રી હરિકૃષ્ણ મહારાજ સહ વિશ્વવાત્સલ્યમહોદધિ આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજને પુષ્પ હાર પહેરાવી આરતી ઉતારી અને દર્શન કરી રથમાં બિરાજમાન થયા હતા. અને આ રથને ખેંચવાનો લ્હાવો ધારાસભ્યશ્રી તથા કાઉન્સિલરશ્રી તથા હરિભક્તોએ લીધો હતો. મંદિરથી સર્કલ સુધી સંતો હરિભક્તો સહ વાજતે ગાજતે પધાર્યા બાદ સર્કલનું ઓપનિંગ કરવામાં આવ્યું હતું.

સદ્‌ગુરુ શ્રી ભગવતપ્રિયદાસજી સ્વામી મહંત

## સૌરાષ્ટ્રના અતિ વરસાદ પ્રભાવિત અસરગ્રસ્તોની સહાય માટે

# મુખ્યમંત્રી રાહત નિધિમાં રૂ. ૨૫ લાખ અર્પણ કરતા પ્રસિદ્ધ રામ કથાકાર મોરારીબાપૂ

સૌરાષ્ટ્ર પ્રદેશના રાજકોટ, જૂનાગઢ, જામનગરના અનેક વિસ્તારોમાં થયેલા અતિ ભારે વરસાદથી પ્રભાવિત થયેલા અસરગ્રસ્તોની સહાય માટે પ્રસિદ્ધ રામ કથાકાર મોરારીબાપૂએ રૂ. ૨૫ લાખનું દાન મુખ્યમંત્રી રાહતનિધિમાં અર્પણ કર્યુ છે.

પૂજ્ય મોરારીબાપૂ હાલ દાર્જિલીગમાં રામ કથા માટે ગયેલા છે. નવનિયુકત મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે આ વરસાદ પ્રભાવિત ગ્રામજનો-લોકોની સ્થિતીની જાતમાહિતી મેળવવા આ વિસ્તારોની ગઈકાલે કરેલી મુલાકાતના અહેવાલોની જાણ મોરારીબાપૂને દાર્જિલીગમાં થતાં તેમણે રાજપીઠ સાથે વ્યાસપીઠના સહયોગ દાયિત્વ રૂપે આ રૂ. ૨૫ લાખનુંદાન મુખ્યમંત્રી રાહતનિધિમાં અર્પણ કર્યુ છે.

## સમાજમાં પરિવર્તન લાવવા માટે મહિલાઓની ભૂમિકામ હત્વની છેઃ રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષા શ્રી રેખાબેન શર્મા

# મહિલા આયોગ,ગુજરાત રાજ્ય દ્વારા કોરોના કાળમાં ઉમદા કામગીરી કરનાર ૪૨ મહિલા કર્મયોગીઓનો સન્માન સમારંભ કલોલ ખાતે યોજાયો

## મહિલાઓને મદદ કરવા મહિલાઓએ જ આગળ આવવું પડશેઃ મહિલા આયોગના અધ્યક્ષા શ્રીમતી લીલાબેન અંકોલિયા



ગાંધીનગર

સમાજમાં પરિવર્તન લાવવા માટે મહિલાઓની ભૂમિકા મહત્વની છે,તેવું આજરોજ કલોલ ખાતે મહિલા આયોગ, ગુજરાત દ્વારા આયોજિત મહિલા શક્તિ એવોર્ડ સમારંભમાં પોલીસ અને આરોગ્ય ક્ષેત્રે ઉત્તમ કામગીરી કરનાર ૪૨ મહિલાઓનું સન્માન કરતા રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષા શ્રી રેખાબેન શર્માએ જણાવ્યું હતું. મહિલા શક્તિ એવોર્ડ સમારંભનો દીપ પ્રાગટ્ય કરીને રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષા શ્રી રેખાબેન શર્માએ જણાવ્યું હતું કે, મહિલાઓ પગભર બનશે, તો જ ઘરેલું હિંસાઓનું પ્રમાણ ઘટશે.

મહિલાઓને દેવી નથી બનવુંકે પગની જુતી પણ નથી બનવું તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે, મહિલાઓને સન્માન પૂર્વક જીવન જીવવું છે. મહિલાઓને સાથે રાખીને રાષ્ટ્રનું નિર્માણ કરવું ખૂબ જરૂરી છે. ગુજરાતમાં શરૂ કરવામાં આવેલી નારી અદાલત દેશના તમામ રાજયમાં આરંભ કરવામાં આવશે. ગુજરાતમાં મહિલા – યુવતીઓ ખૂબ સુરક્ષિત છે, તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે, સ્થાનિક સ્વરાજયઅને વિધાનસભામાં મહિલાઓનું નેતૃત્વ છે. પણ લોકસભા-રાજયસભામાં પણ ૫૦ ટકા મહિલા પ્રતિનિધિમાં આવે તે ખૂબ જરૂરી છે. તેમજ દેશના ઉજ્જવળ ભવિષ્ય માટે દીકરા- દીકરીના શિક્ષણમાં કોઈ ભેદ ભાવ ન રાખવા પણ ભારપૂર્વક જણાવ્યું હતું. મહિલાઓને મદદ કરવા મહિલાઓએ જ આગળ આવવું પડશે, તેવું જણાવી ગુજરાત રાજય મહિલા આયોગના અધ્યક્ષા શ્રીમતી લીલાબેન અંકોલિયાએ ઉમેર્યું હતું કે, મહિલા આયોગ દ્વારા કોરોનાકાળમાં ૧૮૦૦ ગામડાઓમાં મહિલાઓને જાગૃત બનાવી ૬૦ હજાર મહિલાઓનું કોરોનાની રસી અપાવવામાં આવી છે. તેમજ આ સમયે સગર્ભા મહિલાઓ માટે હેલ્પલાઈન શરૂ કરવામાં આવી હતી. નારી અદાલત થકી રાજયમાં કરવામાં આવતી વિવિધ કામગીરીની વિસ્તૃત માહિતી પણ આપવામાં આવી હતી. નારી અદાલત દ્વારા ૨૨ હજાર મહિલાઓના પ્રશ્નનો સુખદ ઉકેલ લાવવામાં આવ્યો છે.

મહિલાઓના ઉત્થાન માટે આ સરકાર કટિબધ્ધ છે, તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે, સરકાર દ્વારા મહિલાઓના વિકાસ માટે ૧૩૮ યોજનાઓ અમલી બનાવવામાં આવી છે. આયોગ દ્વારા કોરોનાથી બચવા મહિલાઓએ શું શું સાવચેતી રાખવી જોઈએ તે માટે ૬૧ જેટલા ઓનલાઈન સેમિનાર યોજીને ૬૧ હજાર મહિલાઓને જાગૃત કરવામાં આવી હતી. તેમજ કોરોનાકાળમાં પણ મહિલાઓને રોજગારી આપવા માટે માસ્ક બનાવવાની પ્રવૃત્તિને વેગ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તે કોરોનાકાળમાં ઉમદા કામગીરી કરનાર અલગ અલગ જિલ્લાની ૪૨ મહિલાઓનું શાલ ઓઢાડી અને મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના આરંભ ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. તેમજ આયોગના સભ્ય સચિવ શ્રી કે.એસ.યાજ્ઞિકે આભારવિધી કરી હતી. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી દિલીપભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી અનિલભાઈ પટેલ, કલોલ નગરપાલિકા પ્રમુખ શ્રી ઉર્વશીબેન પટેલ, ડી.વાય.એસ.પી. શ્રી મજીતાબેન, સહિત આમંત્રિત મહાનુભાવો અને સન્માનિત મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

# આંબલીયારા પોલીસે ૪ મહિના અગાઉ સગીરાનું અપહરણ કરનાર શખ્સને મોરબી નજીકથી દબોચ્યો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતે અપહરણ,ગુમ થયેલ અને વણઉકેલ્યા ગુન્હાનો ભેદ ઉકેલવા અને નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા જીલ્લા પોલીસતંત્રને માર્ગદર્શન અને સૂચના આપતા સ્થાનિક પોલીસ અને વિવિધ એજન્સીઓ સતત દોડધામ કરી રહી છે બાયડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી ૪ મહિના અગાઉ કિશોરીનું અપહરણ કરી ફરાર અમીયાપુરના દિપક ઉર્ફે દિપલા રાવળને મોરબી તાલુકાના મકનસર વિસ્તારમાંથી આંબલીયારા પોલીસે દબોચી લઈ અપહત્ય કિશોરીનો છુટકારો કરાવી અપહરણ કરનાર યુવકને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો

બાયડ તાલુકાના અમીયાપુર ગામનો દિપક ઉર્ફે દીપલો ધનજીભાઈ રાવળ નામનો યુવાન ચાર મહિના અગાઉ સગીરાનું અપહરણ કરી ફરાર થઈ જતા સગીરાના પરિવારજનોએ આંબલીયારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પીએસઆઈ આર.એમ.ડામોર અને તેમની ટીમે સગીરાના અપહરણના ગુન્હાનો ભેદ ઉકેલવા તપાસ હાથધરતા દિપક ઉર્ફે દીપલો રાવળ સગીરાનું અપહરણ કરી મોરબી પંથકમાં નોકરી કરતો હોવાની બાતમી મળતા આંબલીયારા પોલીસે મોરબી પંથકમાં ધામા નાખ્યા હતા અને અપહરણ કરનાર યુવક મકનસર વિસ્તારમાં હોવાનું ખુલતા બાતમી આધારીત સ્થળે ત્રાટકી દીપક ઉર્ફે દિપલા રાવળને ભોગ બનનાર સગીરા સાથે દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

આંબલીયારા પોલીસે ચાર મહિના અગાઉ પોલીસ સ્ટેશનમાં અપહરણ અને પોક્સો એક્ટ હેઠળ નોંધાયેલ ગુન્હાનો ભેદ ગણતરીના મહિનામાં ઉકેલી નાખી અપહરણ કરનાર આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો



૮ સપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજ ફિટ ઈન્ડિયા મિશન, મ્યાસ, ભારત સરકાર અને નેશનલ સ્પોર્ટ્સ ડેવલપમેન્ટ એસોસિયેશન દ્વારા નેશનલ લેવલ ઈ-ક્વિઝ ઓફ ફિઝીકલ રીહેબીલીટેશન - ૨૦૨૧ નું આયોજન કરેલ જેમાં દેશભર થી સ્ટુડેન્ટ્સ અને પ્રોફેશનલ્સ એ ભાગ લીધેલ. ટાઈમ બાઉન્ડ આ ઈ-ક્વિઝ માં શહેર ના સિનિયર ઓર્થો-રિહેબ પ્રોફેશનલ અને એકેડેમીશિયન; ડો. અમિત એમ. પટેલ એ ક્વિક રિસ્પોન્સ ટાઈમ માં આ નેશનલ લેવલ કવીઝ કમ્પ્લીટ કરી પ્રથમ રેંક અને એવોર્ડ મેળવેલ છે જેની જાહેરાત તાજેતર માં કરવામાં આવેલ છે.

# મોડાસા ખાતે ટુ તથા ફોર વ્હીલર વાહનની સીરીઝના નંબરોની જાહેર હરાજી કરાશે

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લાની મોટરિંગ જનતાને સરકારશ્રીના મોટર વાહન ખાતાના તા ૧૨ ઓક્ટોબર ૨૦૧૭ના પરિપત્ર મુજબ હવે અગાઉ મેન્યુઅલ ચાલતી ઓક્શન પ્રક્રિયાને બંધ કરી સરળ, નિષ્પક્ષ, પારદર્શક અને ઝડપી ઓનલાઈન ઈ-ઓક્શન પ્રક્રિયાનું અમલીકરણ કરવાનું થયું છે.

જેના ભાગરૂપે એ આર.ટી.ઓ મોડાસામા ટુ વ્હીલર તથા ફોર વ્હીલર વાહનો માટે શરુ થયેલ નવી સીરીઝ GJ.31.P, GJ.31.M અને GJ.31.N 0001 થી 9999 નંબરો માટેની ઓનલાઈન ઈ-ઓક્શન પ્રક્રિયા માટે પસંદગી નંબર મેળવવા ઈચ્છતા વાહન માલિકોને તેમના વાહનનું રજીસ્ટ્રેશન કરાવીને પસંદગી નંબર મેળવવા આગામી તારીખ ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૧ થી ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૧ સુધી પાયાની રકમ ઓનલાઈન ભરી ઓનલાઈન એપ્લીકેશનમાં અરજી કરવાની રહેશે. તા.૧૮ સપ્ટેમ્બર ૨૦૨૧ થી સવારે ૧૦.૦૦ થી સાંજે ૦૪.૦૦ સુધી વાહન માલિકોએ પોતે પસંદ કરેલ નંબર માટેની ઓક્શન પ્રક્રિયામાં ઓનલાઈન બિડિંગમાં ભાગ લેવાનો રહેશે.

આ બિડિંગ પ્રક્રિયામાં અરજદાર પસંદ કરેલ નંબર ટુ-વ્હીલર માટે રૂ.૨૦૦૦/- અને ફોર વ્હીલર માટે રૂ.૮૦૦૦/- ના ગુણાંકમાં બિડાણ કરવાની રહેશે.તા.૨૪ ઓગસ્ટ ૨૦૨૧ ના રોજ સાંજે ૦૫.૦૦ કલાકે ઓનલાઈન હરાજીમાં સફળ થયેલ ઉમેદવારને નંબર ફાળવી દેવામાં આવશે. જેની જાણ તેમને નોંધણી વખતે આપેલ મોબાઈલ નંબર અને ઈ-મેઈલ પર કરવામાં આવશે.એમ એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## સિદ્ધપુર નવાવાસ વિસ્તારમાં વર્ષો જૂની પરંપરાગત રીતે

# ભાદરવા સુદ ૯ના દિવસે મહાપુરુષ રામદેવપીરના મંદિરે 'નેજા' ચડાવવાનો કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી



સિદ્ધપુર શહેરમાં નવાવાસ વિસ્તારમાં છેલ્લા ઘણા વર્ષોથી ભાદરવા મહિનાની ૯ના દિવસે પ્રતિવર્ષ નવાવાસ વિસ્તારના બાળકો,યુવાનો,વડીલો સાથે સમગ્ર વિસ્તારમાં વાજતેગાજતે રામદેવપીરના ભજન ગાતા વગાડતાં પ્રદક્ષિણા કરે છે.

જેમાં પ્રાર્થના યાત્રા દરમ્યાન સર્વધમ સમભાવ સાથે વિશ્વ રક્ષા માટે રામદેવપીરની સ્તુતિ કરે છે જેમાં આજે નવાવાસના વડીલશ્રી હેરશભાઈ ટી.મકવાણા(કાકા) અને અન્ય વડીલો,યુવાનો સાથે રામદેવપીર મંદિરે નેજા ધારણ કર્યા હતાં. જેમાં આ વિસ્તારમાં દરેક સમાજના લોકો ભક્તિભાવ સાથે જોડાઈ પ્રસાદ લઈ આગળના સામાજિક કાર્યક્રમો અંગે ચર્ચાના અંતે છુટા પડ્યા હતા.

## અરવલ્લી : પ્રા.શાળા મર્જ કરવાનો ઠેર ઠેર વિરોધ યથાવત

# દધાલિયા ગામે શાળા.નં-૩માં ૪૫ વિદ્યાર્થી છતાં મર્જ કરતાં કલેકટરને આવેદન



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

સરકારી પ્રા.શાળાઓમાં વિદ્યાર્થી સંખ્યા ઘટતાં પ્રા.શિક્ષણ વિભાગે છેલ્લા ૨ વર્ષમાં ઓછી વિદ્યાર્થી સંખ્યા ધરાવતી પ્રા.શાળાઓ મર્જ કરવાનો નિર્ણય શીક્ષકો,ગ્રામજનો અને શિક્ષક અગ્રણીઓ સરકારની નિતી સામે રોષ વ્યક્ત કરી રહ્યા છે ત્યારે મોડાસા તાલુકાના દધાલિયા ગામે વર્ષોથી કાર્યરત પ્રાથમીક શાળા.નં-૩ મર્જ કરવામાં આવતા અનુ.જાતિ સમાજના લોકોએ શાળા મર્જ કરવાના નિર્ણયનો ભારે વિરોધ નોંધાવ્યો છે અને ગરીબ બાળકોને પ્રાથમીક શાળા મર્જ થતા અભ્યાસથી વંચીત ન રહે તે માટે જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપી મર્જ કરવામાં આવેલી શાળાનો પુનઃ અભ્યાસ શરૂ કરવામાં આવેની માંગ કરી હતી

અરવલ્લી જીલ્લામાં પ્રાથમીક શાળાઓને મર્જ કરવાનો વિરોધનો વંટોળ સતત ઉઠી રહ્યો છે દધાલિયા ગામમાં અનુ.જાતિ સમાજ નજીક વર્ષ-૧૯૮૭ થી કાર્યરત છે અને હાલ શાળામા ૪૫ વિદ્યાર્થીઓ અભયાસ કરતા હોવા છતાં સરકારે પ્રાથમીક શાળા.નં-૩ મર્જ કરતા અનુ.જાતિ સમાજના લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે અનુ.જાતિ સમાજના અગ્રણીઓ અને યુવાનોએ જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપી શાળા મર્જ નહીં કરવા રજુઆત કરી ન્યાયની માંગ કરી હતી

દધાલિયા ગામના અગ્રણી નાનજીભાઈ પ્રણામી,મહેશભાઈ અને અનિલ પંડ્યા સહીત યુવાનોએ પ્રાથમીક શાળા.નં-૩ મર્જ કરતા સમાજના ગરીબ બાળકોને અન્ય શાળામા અભ્યાસ કરવા જતા મુશ્કેલી પડી રહી છે તેમજ બાળકો અન્ય શાળામાં અભ્યાસ કરવા તૈયાર ન હોવાથી બાળકો અભ્યાસ થી વંચીત રહે છે જે થી મર્જ કરેલ શાળામાં અભ્યાસ યથાવત રાખવામાં આવેની માંગ કરી હતી

**Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.**